# અમદાવાદી અરનાઝ સ્કોવાર્ઝમાન સ્કોલરશીપ મેળવનારી પ્રથમ ભારતીય ગર્લ બની



અમદાવાદી અરનાઝ અમીરે ઈન્ટરનેશનલી પ્રખ્તાય સ્કોવાર્ઝમાન સ્કોલરશીપ મેળવનારી પહેલી છોકરી છે કે જેમણે સમગ્ર ભારતભરમાંથી આ સ્કોલરશિપ માટે પસંદ કરવામાં આવેલ છે. સમગ્ર વિશ્વમાંથી આ અંગે ૨૮૦૦ કરતાં વધુ એપ્લિકેશન મળી હતી. જેમાંથી ૪૦૦ ઉમેદવારોને પસંદ કરી ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવ્યાં હતા. આ અંગે વાત કરતાં અમરનાઝ અમીરે જણાવ્યું હતું કે આ સ્કોલરશિપ મેળવવા માટે વિવિધ ત્રણ સ્ટેજમાંથી પસાર થવું પડે છે પહેલામાં એપ્લિકન્ટ્સે પોતાની લીડરશિપ સ્કીલ અને પોતાના આ ફિલ્ડના એક્સપિરિયન્સ લખવાના હોય છે. સાથે તેઓ ચાઈનામાં કેમ ભણવા માંગે છે તે અંગે પણ વિસ્તૃતમાં અહેવાલમાં જણાવવાનું હોય છે. સ્કોલરશિપ મેળવી લીધા બાદ સ્કોલરને ચાઈનાની શિંગવા યુનિવર્સિટીમાંથી માસ્ટર્સ ડિગ્રી ઈન ગ્લોબલ અફેર્સ ભણવાનું રહેશે, એટલે તેઓ ચાઈના કેમ સ્ટડી કરવા માંગે છે તે અંગેના પ્રશ્નનાં ઉત્તરમાં અરનાઝે જણાવ્યું હતું કે ચાઈના અને ઈન્ડિયામાં પોપ્યુલેશન વધારે છે છતાં ચાઈના કરતાં ઈન્ડિયામાં યંગસ્ટર્સની સંખ્યા વધુ છે. યંગસ્ટર્સને કેવી રીતે હેલ્થ અને એજ્યુકેશન પ્રોવાઈડ કરી શકાય જેથી ઈન્ડિયામાં પણ ગ્રોથ રેટ વધી શકે. ચાઈનાની સોશિયલ અને ઈકોનોમિક પોલીસીને સમજી તેના પર વધુ રિસર્ચ કરવા માંગુ છું. નોંધનીય છે કે આ સ્કોલરશિપ માટે યુએસએના સ્ટુડન્ટ્સને ૪૦ ટકા, ચાઈનાના સ્ટુડન્ટ્સને ૨૦ ટકા અને સમગ્ર વિશ્વના સ્ટુડન્ટ્સને ૪૦ ટકાના રેશિયો પ્રમાણે પસંદગી કરવામાં આવે છે. અરનાઝનો ઈન્ટરવ્યૂ બેંગકોક ખાતે યોજાયો હતો. જ્યાં તેમને કેટલાક પ્રશ્નો કરવામાં આવ્યાં જેમાં ઈન્ડિયા અને ચાઈનાના સંબંધો મજબુત બનાવવા માટે શું ફાળો આપી શકો છો? તમે એલજીબીટીક્યૂ કમ્યુનિટી માટે કેમ કેમ્પેઈન શરૂ કર્યું? તથા ત્રિપલ તલાક અને ફિમેલ જેનિટલ મ્યૂટિલેશન ઉપર જે મુસ્લિમ્સ અને આફ્રિકન કંટ્રીમાં મુસ્લિમ્સમાં થાય છે જેને એક વાયોલન્સ પણ ગણવામાં આવે છે. આવા તમામ વિષયો પર એક પછી એક પ્રશ્નો કરવામા આવ્યાં હતા. જેના સંતોષકારક ઉત્તર આપતાં અરનાઝની પસંદગી કરવામાં આવી હતી.

**સોશિયલ અને પોલિટિકલ ઇશ્યૂઝ પર કરેલ કામને કારણે તેમને અગ્રિમતા અપાઇ**

Scanned by CamScanner